LifeStyle Trends

# સુરતી યુવાનોમાં બોલ્ડ અને સ્ટાઈલિશ જ્વેલરીનો ટ્રેન્ડ

સદીઓથી જવેલરી એટલે કે ઘરેણા સ્ત્રીઓનો શણગાર ગણાય છે. હા, કેટલાંક સમાજમાં વર્ષોને વર્ષોથી પુરુષો પણ ગળામાં સાંકળ, હાથમાં કડા અને કાનમાં કુંડળ પહેરે છે પણ હવે સમય બદલાયો છે હવેના મેલ યંગસ્ટર્સ માટે પણ જવેલરી ફેશન સ્ટેટમેન્ટ બની છે. તેઓ મોર્ડન લુક પણ આપે અને ભારતીય સંસ્કૃતિનું મિશ્રણ હોય તેવા બોલ્ડ આભૂષણો પર પસંદગી ઉતારી રહ્યાં છે. 2026માં સુરતી યુવાનો માટેની જવેલરીમાં સસ્ટેનેબિલિટી(ટાકાઉપણું) અને વ્યક્તિગત અભિવ્યક્તિનું મિશ્રણ જોવા મળી રહ્યું છે. તો ચાલો 2026માં કઈ જવેલરી સુરતી યુવાનોમાં ત્રેંડિંગ છે ?તેના વિશે જાણીએ...

## બોલ્ડ અને લેયર્ડ ચેન પર્સનાલિટી સ્ટેટમેન્ટ બની છે



સુરતી યુવકોમાં આ વર્ષે બોલ્ડ અને લેયર્ડ ચેન ખાસ્સી ટ્રેન્ડમાં છે. તે માત્ર એસેસરીઝ નહીં પણ પર્સનાલિટી સ્ટેટમેન્ટ બની છે. 2026માં જાડી અને હેવી ચેઇન Cuban Link, Figaro Strands અને Oval Link ડિઝાઈન મશહૂર બની છે. એકની ઉપર એક ચેઇન પહેરવી બોલ્ડ ફેશન માનવામાં આવે છે. માત્ર ગોલ્ડ કે સિલ્વર જ નહીં પણ બંને ટોનની ચેઇન એકસાથે પહેરવી પણ ફેશન માનવામાં આવે છે.

## નેચરલ બીડ્સ અને મોતીઓની માળાનો ક્રેઝ વધ્યો

નેચરલ બીડ્સ અને મોતીઓની માળાનો ક્રેઝ 2026માં વધ્યો છે, જે પારંપરિક અને મોર્ડન ફ્યુઝનનું મિશ્રણ છે. શ્વેત મોતીઓની સાથે કલરફુલ નેચરલ બીડ્સ (Emerald, Maroon, Jade)નું સંયોજન ઘણું ટ્રેન્ડમાં છે. લગ્નની શેરવાની પર ત્રણ કે પાંચ લેયરની રેડ કે ગ્રીન કલરના સ્ટોનવાળી માળા પસંદ કરવામાં આવી રહી છે. હવે તો નેચરલ સ્ટોનના બ્રેસ્લેટ પહેરવાનો ટ્રેન્ડ આવ્યો છે. જે સુરતી યુવાનોને ફેશન અને હેલ્થ બંને પ્રદાન કરે છે.



## નિયો હેરિટેજ ગોલ્ડ બેંગલ્સ આધુનિક, સ્ટાઈલિશ અને બોલ્ડ હોય છે

નિયોનો અર્થ નવું કે આધુનિક થાય છે. જ્યારે હેરીટેજનો અર્થ ભારતીય શિલ્પકારી જેમકે નકશીકામ, ટેમ્પલ ડિઝાઈન, પ્રાચીન પેટર્ન છે. નિયો હેરિટેજ ગોલ્ડ બેંગલ્સમાં પ્રાચીન કળાની ડિઝાઈન હોય છે. આવા કડા મેરેજ ફંક્શન, દિવાળી જેવા ફેસ્ટિવલમાં પહેરતા તે આધુનિક, સ્ટાઈલિશ અને બોલ્ડ લાગે છે.





## પર્સનલાઈઝડ સિગ્નેટ રિંગ્સ ક્લાસિક અને યાદગાર ગિફ્ટ

સુરતી યુવકો પર્સનલાઈઝડ સિગ્નેટ રિંગ્સ પર પસંદગી ઉતારી રહ્યાં છે. કેમકે, આ અંગૂઠી તેમના વ્યક્તિત્વને ઉજાગર કરે છે. ક્લાસિકલ લુકને કારણે તેની ડીમાંડ ગીફ્ટ આપવા માટે ખાસ થઈ રહી છે. તેમાં પોતાના કે પોતાના પ્રિયજનના નામનો પ્રથમ અક્ષર (Initial) કે પૂરું નામ હિન્દી અને અંગ્રેજીમાં લખાવવામાં આવે છે. રેકટેંગલ , રાઉન્ડ કે ઓવલ ડિઝાઈનની ગોલ્ડ અને સિલ્વરમાં મળતી આ સિગ્નેટ રિંગ્સ આધુનિકતાની સાથે પારંપરિક લુક આપે છે.


---

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

‘સુરત’ - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં ‘સિટીપલ્સ’માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...

## નથી થતું દ્વિચક્રિય વાહનો માટે શેડની નીચે રોકાવું, તેમણે તો પડે છે તડકામાં ઊભા રહીને શેકાવું...





પડી રહ્યા છે આકાશમાંથી અગનગોળા અને થાય છે પરસેવો ખૂબ, અમે તો છીએ દ્વિચક્રિય ચાલકો અને કાયમ સહન કરવી પડે છે ધૂપ... બનાવ્યો શેડ તંત્રએ કે અમને મળે છાંયડો પણ પહેલેથી જ તેની નીચે ઊભા રહી જાય છે મોટામસ વાહનો.... નથી થતી રાહત અમને, કેવી રીતે બચીએ તડકાથી, આ શેડનો ખ્યાલ હશે ઉત્તમ પણ અમને નથી બચાવતો ગરમીના કિરણોથી... સમજે મોટા વાહનના ચાલકો અને ખસે બાજુ, તો બચીએ ગરમીથી અને વગાડીએ રાહતનું વાજું...

---

અમદાવાદના ભદ્ર કે ત્રણ દરવાજા આજે પણ ઈતિહાસની સાક્ષી પૂરતા અડીખમ ઊભા છે, પણ શું તમે જાણો છો કે સુરત પાસે પણ આવા જ કલાત્મક ૧૨ દરવાજાઓનું રક્ષણકવચ હતું? આજે આપણે માત્ર ‘સહારા દરવાજા’ કે ‘દિલ્હી દરવાજા’ જેવા નામો બોલીએ છીએ, પણ એ ભવ્ય દરવાજાઓ ક્યાં ગયા? જહાંઆરાના બાગથી લઈને મલિક ગોપીના ગોપીપુરા સુધી, અને ૧૨ દરવાજાથી લઈને ૧૮ પરા સુધી ફેલાયેલા સુરતના ભવ્ય ‘કોટ’ વિસ્તારની આ એક એવી દાસ્તાન છે જેમાં વ્યાપાર, વૈભવ અને વીતેલા સમયની સુગંધ ધરબાયેલી છે. ચાલો, આ ‘વિશ્વ વિરાસત’ સપ્તાહે સુરતના ઈતિહાસના એ દ્વાર ખોલીએ જે હવે માત્ર સ્મૃતિઓમાં છે.

# નામશેષ દરવાજા અને પરાઓની અનકહી દાસ્તાન: સુરતનો ખોવાયેલો વૈભવ







હાલમાં જ ૧૮ એપ્રિલે ‘વિશ્વ વિરાસત દિવસ’ ગયો. સ્મારકો અને ઐતિહાસિક સ્થળોને યાદ કરવાનો આ દિવસ સુરતીઓ માટે થોડો મલકાટ અને થોડી ટીસ લઈને આવે છે. સુરતના હેરિટેજની વાત નીકળે ત્યારે ગર્વ તો થાય, પણ સાથે એક અફસોસ પણ જાગે કે જે દરવાજાઓ એક સમયે આ શહેરની સુરક્ષા અને શાન હતા, આજે તે માત્ર કાગળ પરના નામ બનીને રહી ગયા છે. અમદાવાદમાં આજે પણ ભદ્ર કે લાલ દરવાજા શહેરનો ઈતિહાસ ગાતા ઊભા છે, જ્યારે આપણે સુરતના વિકાસની આંધળી દોટમાં એ કલાત્મક વારસાને જમીનદોસ્ત કરી નાખ્યો. એ આપણી કમનસીબી છે કે આજે સુરતની એ વીતેલી જાહોજલાલીનો સમ ખાવા પૂરતો એક પણ દરવાજો બચ્યો નથી.

અમદાવાદની પોળો જેવી જ ઓળખ સુરતના ‘પરા’ વિસ્તારોની છે. જોકે, બદલાતા સમય સાથે હવે આ પરાઓની સાંકડી ગલીઓ વેરાન થઈ રહી છે અને મૂળ વસ્તી નવા વિસ્તારો તરફ સ્થળાંતર કરી રહી છે. પણ આ શેરીઓના નામમાં આજેય ઈતિહાસ ધબકે છે. અહીં કુટુંબ, જ્ઞાતિ અને વ્યવસાયના આધારે પડેલા નામો જેમ કે રેશમવાડ, ચેવલી શેરી કે રંગૂનવાલાની શેરી, સુરતના વૈશ્વિક વ્યાપારની સાક્ષી પૂરે છે. એક સમયે તાપીના તટ પર વસેલું આ ખૂબસૂરત શહેર અઢાર પરાઓમાં વહેંચાયેલું હતું. શહેરની રક્ષા માટે બનેલા મજબૂત કોટમાં પ્રવેશવા માટે કુલ ૧૨ દરવાજા હતા. જેમાં વરીયાવી, વેડ, કતારગામ, લાલ, દિલ્હી, સહારા, કમેલા, માન, ઉધના, નવસારી, મજૂરા અને જેલ તરીકે જાણીતો જાફરઅલીનો દરવાજો સમાવિષ્ટ હતો. આ બાર દરવાજાની સુરક્ષિત ગોદમાં વસેલા હતા અઢાર પરા.

### સુરત અને સુરતીઓના સુવર્ણકાળની જાહોજલાલી દર્શાવતું અનામું કાવ્ય

ગુજરાત દેશ મોટો જાણું, મોટાં તે શહેર ચાર વખાણું,
અમદાવાદ, પાટણ, સૂરત,ખંભાત,
સૂરત બંદર જગમાં પ્રખ્યાત
બંદર સૂરતમાં સહુ કો સુખિયા, કોઈ જીવ ન લાભેદુખિયા
ન્યાયતણા તે કરે વ્યાપાર,ધન્વંત લોક સુખિયાદાતાર,
મહાજન માહિ વડા વ્યવહારી,દર્મવંત અને દેવપૂજાકારી
સમકિતવંતબારવ્રતધારી,શીયલવંતી છે જસ ઘર નારી.
શીયલ સરખી તે રૂપે ઈન્દ્રાણી, ફૂલ ખરે મુખેબોલત વાણી,
એહવીનારીના ભોગી ભરતાર,
અવસર યાચકજનનાદાતાર.

આ પરાઓના નામ પણ અહીંના અગ્રણીઓના પ્રભાવની વાત કરે છે. હરિકૃષ્ણ મહારાજના નામ પરથી હરીપરુ, સગરામ વસી દેસાઈના નામ પરથી સગરામપરુ, પ્રખ્યાત મલિક ગોપીના નામથી ગોપીપરુ અને મોગલ મુત્સદ્દી સલાબતખાનના નામથી સલાબતપરુ અસ્તિત્વમાં આવ્યા. જે નવું વસાવવામાં આવ્યું તે નવાપરા તરીકે ઓળખાયું.

સુરતની ભાગોળો અને બજારોના નામ પાછળ પણ રસપ્રદ તર્ક છે. ‘વડા ચૌટા’ એટલે કે મુખ્ય બજાર, જે એક સમયે આંતરરાષ્ટ્રીય વ્યાપારનું કેન્દ્ર હતું અને આજે સુરતી સ્ત્રીઓનું માનીતું શોપિંગ ડેસ્ટિનેશન છે. જે રસ્તે નવસારી જવાય તે નવસારી દરવાજો અને દિલ્હી તરફ જતો માર્ગ એટલે દિલ્હી દરવાજો. ‘વાળી ફળિયા’માં ક્યારેક મોગલો અને અંગ્રેજોની મહેફિલો જામતી, કારણ કે ત્યાં અસંખ્ય વાડીઓ અને બગીચા હતા. ઝાંપા બજાર એ ક્યારેક માટીના કોટની સીમા હતી, જ્યાં ઝાંપા તરફ જવાની વાડ હોવાથી તે ‘ઝાંપા બજાર’ કહેવાયું. એટલું જ નહીં, ઔરંગઝેબની બહેન જહાંઆરાએ પંદર એકરમાં બનાવેલી ભવ્ય ‘બેગમવાડી’ આજે પણ પ્રખ્યાત છે અને બેગમપરા વિસ્તારનું નામ પણ તેના નામ પરથી જ પડ્યું છે.

### “વડા ચૌટા” એક સમયે આંતરરાષ્ટ્રીય વ્યાપારનું કેન્દ્ર, આજે સુરતી સ્ત્રીઓનું માનીતું શોપિંગ ડેસ્ટિનેશન

આજે ભલે એ ભૌતિક દરવાજાઓ તૂટી ગયા હોય, પણ આ વિસ્તારોના નામ પાછળ રહેલા વ્યક્તિ વિશેષ અને વ્યવસાયોના ઈતિહાસના લિસોટા આજે પણ સુરતની ધરતી પર અકબંધ છે.

વારસાની વરિયાળી

અઠવાલાઈન્સ જે સૂરતનું એક અનન્ય અંગ છે, એક જમાનામાં તે ફ્રેન્ચોને હસ્તક હતું. સૂરતમાં ગુનો કરી અહીં આવીને ઊભાં રહો તો અંગ્રેજ કે મોગલ પોલીસ તમને પકડી ન શકે, એવો પરદેશી ભૂમિ જેવો અઠવાલાઈન્સનો દબદબો હતો.

---

# ફ્રૂટ્સ આઇસ ગોળા છે હેલ્ધી, ગરમીમાં રાખે છે કૂલ



FOOD ફંડા

અત્યારે ગરમીનો પ્રકોપ વધી ગયો છે. 41 ડીગ્રી સુધી તાપમાન પહોંચી જતા સુરતીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. ગરમીથી બચવા સુરતીઓ દિવસે AC અને પંખાની હવામાં બેસી રહેવાનું પ્રિફર કરવા લાગ્યાં છે તો રાત્રીના સમયે મિત્રો અને પરિવાર સાથે ઠંડા આઈસ્ક્રીમ અને આઇસ ગોળાનો સ્વાદ લેવા શહેરના માર્ગો પર નીકળી પડે છે. આઇસ ગોળામાં પણ હવે સુરતીઓ નવા નવા ટેસ્ટ શોધતા હોય છે. તો આ વખતે આઇસ ગોળા નેચરલ ફ્રૂટ્સના બનાવી સુરતીઓને અનોખો સ્વાદ આપવાની સાથે તેમને ઠંડક, તાજગી અને સ્ફૂર્તિનો અહેસાસ કરાવવામાં આવી રહ્યે છે. હેલ્થ ફ્રિક અને કાંઈક નવું ટેસ્ટ કરવા તત્પર સુરતીઓને ફ્રેશ ફ્રૂટ આઇસ ગાળાનો ટેસ્ટ કેવો લાગી રહ્યે છે, તેમાં બીજું શું અટ્રેક્શન છે? તે આપણે અહીં જાણીએ...



## જાબું, સ્ટ્રોબેરી વિ. ફ્રૂટ્સના બને છે આઇસ ગોળા

ઉનાળામાં જાબું, કાચી કેરીની સિઝન હોય એટલે આ ફ્રૂટ્સ સહિત કિવી, કાળી, લાલ દ્રાક્ષ, સ્ટ્રોબેરી ઉપરાંત મિક્સ ફ્રૂટ્સ (પાઈનેપલ, કિવી, ડ્રેગનફ્રુટ)ના આઇસ ગોળા આ વખતે સુરતીઓને ગરમીમાં ઠંડા-ઠંડા, કૂલ-કૂલનો અહેસાસ કરાવે છે તથા તેનો ટેસ્ટ જ્યૂસી-મજેદાર લાગે છે. નેચરલ ફ્રૂટ્સ આઈસ ગોળા હેલ્ધી પણ હોવાથી રાત્રે સુરતીઓ તેની મજા માણતા જોવા મળે છે.



## પૂણેથી લાવવામાં આવે છે જાબું


જાબુંના આઈસ ગોળાની સુરતીઓમાં ડિમાન્ડ વધારે છે. જાબું પુણેથી મંગાવવામાં આવે છે. નેચરલ ફ્રૂટ્સના આ આઈસ ગોળા બનતા હોવાથી ટેસ્ટ તે જ ફ્રુટનો ટેસ્ટ આવે છે. સુરતી મહિલાઓને જાબું અને કાચી કેરી વધારે ભાવે એટલે આ ફ્રૂટના આઈસ ગોળાની ડિમાન્ડ યુવતીઓ વધારે કરે છે.





## ટોપિંગ પણ સુકવેલા ફ્રૂટ્સનું હોય

ક્રશ કરવામાં આવેલા રિયલ ફ્રૂટ્સના આ ગોળા પર સુકવેલા ફ્રૂટ્સ જેમકે પાઈનેપલ, કિવી, ઓરેન્જ, ચેરી, ક્રેનબરીના ટુકડા પાથરીને આ આઈસ ગોળાને દેખાવે અટ્રેકટિવ બનાવવામાં આવે છે. આ ઉપરાંત તેની પર ડ્રાયફ્રૂટ્સ પાથરવામાં આવે છે એટલે તે કલરફુલ દેખાવાની સાથે સ્વાદમાં પણ લાજવાબ લાગે છે.



## બાળકોને પ્રિય છે સ્ટ્રોબેરી આઇસ ગોળા

બાળકોને સ્ટ્રોબેરી બહુ ભાવતી હોય છે. તેમને સ્ટ્રોબેરીનો મિલ્ક શેક અપાતો હોય છે, ફ્રુટ સલાડમાં પણ બાળકોને સ્ટ્રોબેરી ભાવતી હોય છે. હવે બાળકો રાત્રીના આઈસ્ક્રીમની મજા માણવા નીકળે ત્યારે તેઓ સ્ટ્રોબેરી આઈસ ગોળાનો ટેસ્ટ લેવાનું પ્રિફર કરવા લાગ્યા છે.



## મિઠાસ માટે મિસરી એડ કરાઇ છે જે ઠંડક અને ઉર્જા આપે

ફળોના ફ્રેશ જ્યુસને ફ્રીઝરમાં અમુક કલાક જમાવી દેવાય છે પછી તેને આઇસ ક્રશર મશીનમાં ક્રશ કરીને તેની પર રીયલ ફ્રૂટનો જ્યુસ રેડવામાં આવે છે. તેમાં કોઈપણ પ્રકારના કેમિકલ નથી હોતા અને ફ્રૂટ્સની નેચરલ મીઠાશ હોય છે એટલે તે પ્રકારે હેલ્ધી પણ છે.

## નવો ટેસ્ટ આપવા ત્રણ મહિના રિસર્ચ કરીને બનાવ્યા નેચરલ ફ્રૂટ્સ આઇસ ગોળા

આ ઈનોવેટિવ નેચરલ ફ્રૂટ્સ ગોળા બનાવનાર સતિષભાઈ ઠાકરે દ્વારા જણાવવામાં આવ્યું કે, સ્વાદપ્રિય સુરતીઓને નવો નવો ટેસ્ટ જોઈતો હોય તે આપવા અમે સતત ત્રણ મહિના રિસર્ચ કરીને રોજ અલગ અલગ ફ્લેવરના ફ્રૂટ્સના આઈસ ગોળા બનાવી તેનો ટેસ્ટ ચેક કરતા એ રીતે સુરતીઓને ટેસ્ટ ભાવી જાય અને તેમની હેલ્થ પણ જળવાઈ રહે એવા ઈનોવેટિવ આઈસ ગોળા અલગ અલગ 6 પ્રકારના ફ્રૂટ્સના બનાવ્યા. આ ફ્રૂટ્સ આઈસ ગોળા એવા બનાવ્યા કે, તેને ખાવાથી બીજા દિવસે ગળું પકડવાનો ડર પણ નથી રહેતો. જે લોકો શુગર અવોઈડ કરે છે તેઓ પણ આ ફ્રૂટ્સ આઈસ ગોળાનો ટેસ્ટ લેતા હોય છે. તમે આ આઈસ ગોળાનો ટેસ્ટ લો તો ફ્રૂટ્સ ખાતા હોય તેવું જ લાગે.